## 1. સંભવવાદ વિચારધારા સમજાવો.

- સંભવવાદ શબ્દનો સર્વપ્રથમ ઉપયોગ લુસિયન ફ્રાવશે કર્યો હતો. ભૂગોળવેત્તા પોલ વિડાલડીલાબ્લાશે આ વિચારધારાનો પ્રચાર કર્યો. સંભવવાદ પ્રકૃતિની સરખામણીમાં માનવને મહત્ત્વનું સ્થાન આપે છે. સંભવવાદ માનવીને સક્રિય સ્વરૂપે મૂલવે છે. માનવીને જ સંભાવનાઓનો સ્વામી ગણવામાં આવે છે. પ્રકૃતિનાં તત્ત્વોનો કેવી રીતે અને કેટલી માત્રામાં ઉપયોગ કરવો તેનો નિર્ણય માનવીએ જ કરવાનો છે. ક્યાંય કશી અનિવાર્યતા નથી. સર્વત્ર સંભાવનાઓ રહેલી છે.

## 2. માનવ ભૂગોળનાં કાર્યો સ્પષ્ટ કરો. (March 18)

- માનવ ભૂગોળ એ પદ્ધતિસર અભિગમની વિષય શાખા છે. તેમાં માનવી અને પ્રકૃતિ વચ્ચે સતત પરિવર્તનશીલ પ્રક્રિયાઓથી સાંસ્કૃતિક લાક્ષણિકતાઓ જન્મે છે. આ સંદર્ભે માનવ ભૂગોળ પરસ્પર સંકળાયેલાં ત્રણ કાર્યો કરે છે:

  1. માનવનિર્મિત ઘટનાઓનું સ્થિતિસંબંધી વિશ્લેષણ : અહીં માનવ વસ્તી તેમની વિશિષ્ટતાઓ, કલા, કૌશલ્યો અને તેમનાં વિસ્તરણ સંકળાયેલાં છે.

  2. પારિસ્થિતિક વિશ્લેષણ : અહીં કોઈ એક ભૌગોલિક પ્રદેશમાં માનવી અને તેના પર્યાવરણ સાથેના સંબંધોના અભ્યાસને પ્રાધાન્ય આપવામાં આવે છે.

  3. પ્રાદેશિક સમન્વય : અહીં સ્થાનિક અને પારિસ્થિતિક અભિગમોને જોડી દેવામાં આવે છે. તેમાં અભ્યાસનો હેતુ આંતરિક રચના અને બાહ્ય સંબંધોની સમજ મેળવવાનો છે.

## 3. નિશ્ચયવાદ વિચારધારા ચર્ચો. (March 19)

- નિશ્ચયવાદી વિચારધારાના મુખ્ય મુદ્દા નીચે મુજબ છે :આ વિચારધારા મુજબ મનુષ્યની બધી જ પ્રવૃત્તિઓ અને ક્રિયાઓ પ્રાકૃતિક પર્યાવરણ દ્વારા નિયંત્રિત થાય છે. આ વિચારધારા માનવીને નિષ્ક્રિય પરિબળ ગણે છે. એટલે કે, માનવી કરતાં પ્રાકૃતિક પર્યાવરણ સર્વોપરી છે.
- કોઈ પણ માનવ સમુદાય, રાષ્ટ્રનો ઇતિહાસ, માનવસંસ્કૃતિ, માનવીની જીવનશૈલી, માનવીની વિકાસની માત્રા વગેરેને પ્રાકૃતિક પર્યાવરણ અસર કરે છે. આ વિચારધારા માનવ ઉપર પ્રાકૃતિક સ્થિતિનો પ્રભાવ સમજાવે છે. 20મી સદીના પૂર્વાર્ધ સુધી આ વિચારધારા વિકસતી રહી. ઍરિસ્ટોટલ, સ્ટ્રાબો, કાન્ટ, હોલ્ટ, રિટર વગેરે વિદ્વાનોએ આ વિચારધારાને અનુમોદન આપ્યું હતું. કુમારી ઍલન સેમ્પલ તથા હેટિંગ્ટન આ વિચારધારાના પ્રખર સમર્થક હતા.

## 4. માનવ ભૂગોળના અભિગમોની તુલના કરો.

- માનવ ભૂગોળ અભ્યાસના અભિગમો માનવ અને પ્રાકૃતિક પર્યાવરણ વચ્ચેના સંબંધોનું વિશ્લેષણ કરે છે. નિશ્ચયવાદી વિચારધારા મુજબ મનુષ્યની બધી જ પ્રવૃત્તિઓ પ્રાકૃતિક પર્યાવરણ દ્વારા નિયંત્રિત થાય છે, જ્યારે સંભવવાદી વિચારધારા પ્રાકૃતિક પર્યાવરણને બદલે માનવને વધુ મહત્ત્વ આપે છે. માનવી પોતે જ સંભાવનાઓનો સ્વામી છે. માનવી પોતાની સર્જનશક્તિના કારણે ભૌતિક પર્યાવરણમાં બદલાવ લાવી શકે છે.

- ઐતિહાસિક અભિગમ એ બાબતને સ્પષ્ટ કરે છે કે, ભૌતિક પર્યાવરણની સમતુલા જળવાશે તો જ માનવકલ્યાણ અને પ્રગતિ થઈ શકશે. પ્રાકૃતિક નિયમોનું પાલન અનિવાર્ય છે. સાંસ્કૃતિક તત્ત્વો અને પ્રાકૃતિક તત્ત્વો વચ્ચેના સંબંધો નિરંતર પરિવર્તનશીલ રહ્યા છે. જ્યારે માનવ કલ્યાણલક્ષી અભિગમ સામાજિક ન્યાયનો હેતુ સિદ્ધ થાય તે માટે વિશ્વના બધા જ માનવોનો સૃષ્ટિનાં બધાં જ સંસાધનો પર સમાન અધિકાર પ્રસ્થાપિત કરે છે.
- વર્તનલક્ષી વિચારધારા સમજાવે છે કે કોઈ પણ પ્રદેશની ભૌગોલિક પરિસ્થિતિ ત્યાંના લોકોના વર્તન પર અસર કરે છે. માનવ સમુદાયની વર્તનતરાહના કારણે સાંસ્કૃતિક પર્યાવરણ ઉદ્ભવે છે, જ્યારે નવનિયતિવાદી વિચારધારા એ બાબતને સ્પષ્ટ કરે છે કે પ્રાકૃતિક નિયમોનું પાલન કરીને માનવીએ પોતાની વર્તનતરાહ બનાવવી જોઈએ. માનવીના વર્તન દ્વારા પ્રાકૃતિક પર્યાવરણને નુકસાન ન થવું જોઈએ.